# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Re-Accredited **Grade "A"** by NAAC

**પરિપત્ર :–**

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન સરકારી ગ્રાન્ટ ઈન એઈડ અને સ્વનિર્ભર કોલેજોના આચાર્યશ્રીઓ/સંચાલકશ્રીઓને જણાવવામાં આવે છે કે યુ.જી.સી. રેગ્યુલેશન ૨૦૧૦ જોગવાઈ અન્વયે ઉચ્ચ શિક્ષણ વિભાગના તા. ૧૮–૪–૨૦૧૬ ના ઠરાવ અનુસાર સરકારી કોલેજો, બિનસરકારી – અનુદાનીત કોલેજો અને સ્વનિર્ભર કોલેજોના શૈક્ષણિક સ્ટાફ માટે કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમની જોગવાઈઓ લાગુ પાડવા ઠરાવેલ છે. જે અન્વયે ઠરાવના ક્રમ – ૧ થી ૧૭ ની જોગવાઈઓ મુજબ અમલ કરવાનો રહેશે. જેની સર્વેએ નોંધ લેવી.

કુલસચિવ

બિડાણ :– શિક્ષણ વિભાગ
– ઠરાવ ક્રમાંક એન.જી.સી. ૧૧૨૦૧૧–૧૦૧૫–બ તા. ૧૮–૪–૨૦૧૬

નં.જોડાણ / ૩ / ૨૦૮ / ૨૦૧૬
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય
યુનિવર્સિટી કેમ્પસ,
યુનિવર્સિટી રોડ,
રાજકોટ – ૩૬૦ ૦૦૫
તા. ૯ – ૦૫ – ૨૦૧૬

પ્રતિ,
– સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ તરફ ........
(યોગ્ય કાર્યવાહી અર્થે)

નકલ રવાના :–
૧. માન.કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ....
૨. પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, સૌ.યુનિ., રાજકોટ
૩. કોમ્પ્યુટર સેન્ટર (વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા વિનંતી સહ..)

રાજ્યની ઉચ્ચ શિક્ષણની યુનિવર્સિટીઓ, સરકારી કોલેજો, બિનસરકારી અનુદાનિત તથા સ્વનિર્ભર કોલેજોના શૈક્ષણિક સ્ટાફ માટે 'કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ' ની જોગવાઇઓ લાગુ પાડવા અંગે.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક – એનજીસી-૧૧૨૦૧૧-૧૦૫૦-ખ
સચિવાલય, ગાંધીનગર.
તા-૧૮.૦૪.૨૦૧૬

૧. યુ.જી.સી.નો તા.૭.૮.૨૦૧૫ નો પત્ર ક – D.O.F.No. 3-2/2009(PS)
૨. વિભાગનો તા.૨૦.૧૦.૨૦૧૫ નો સમાનાંકી ઠરાવ.
૩. ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરીનો તા.૧૫.૧૨.૨૦૧૫ નો પત્ર ક – OW-2015-DAG3-I-22341
૪. અગ્રસચિવશ્રી(ઉ.અને ટે.શિ.) દ્વારા મંજૂરી આપેલ કમિશ્નરશ્રી(ઉચ્ચ શિક્ષણ) ની તા.૨૩.૨.૨૦૧૬ ની નોંધ.

**આમુખ-**

રાજ્યની ઉચ્ચ શિક્ષણની યુનિવર્સિટીઓ, સરકારી કોલેજો, બિનસરકારી અનુદાનિત તથા સ્વર્નિભર કોલેજોના શૈક્ષણિક સ્ટાફ માટે "કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ" અંતર્ગત સમિતિઓની રચના તથા યુ.જી.સી. રેગ્યુલેશન-૨૦૧૦ અનુસારની જોગવાઇઓ ઉપર વંચાણે લીધેલા ક્રમાંક – ૨ પરના ઠરાવથી લાગુ કરવામાં આવી હતી. જે સંદર્ભે અધ્યાપકોના વિવિધ મંડળો તરફથી મળેલ રજુઆત સંદર્ભે માન.મંત્રીશ્રી(શિક્ષણ) સાથે થયેલ બેઠકમાં ચર્ચાને અંતે નક્કી થયાનુસાર કમિશ્નરશ્રી(ઉચ્ચ શિક્ષણ)એ વિભાગના ઉક્ત ઠરાવના પારા – ૩ અને ૪ રદ કરવા, પારાં – ૬ અને ૧૧ માં સૂચવ્યા મુજબ સુધારો કરવા તેમજ પારા- ૧૬ નો સમાવેશ કરવા માટે વંચાણે લીધેલ ક્રમાંક – ૪ પરની નોંધથી દરખાસ્ત કરી હતી જે અન્વયે વિભાગનો ઉક્ત ઠરાવ રદ કરી તેને બદલે જરૂરી સુધારાઓ સાથે તેમજ યુજીસીના વંચાણે લીધેલા ક્રમાંક –(૧) પરના પત્ર અન્વયે કમિશ્નર(ઉચ્ચ શિક્ષણ) કચેરી દ્વારા વંચાણે લીધેલા ક્રમાંક – (૩) ના પત્રથી માંગવામાં આવેલ માર્ગદર્શન પણ આમેજ કરી નવેસરથી ઠરાવ બહાર પાડવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ-**

રાજ્યની ઉચ્ચ શિક્ષણની યુનિવર્સિટીઓ, કોલેજોના શૈક્ષણિક કર્મચારીઓ માટે યુજીસી રેગ્યુલેશન્સ-૨૦૧૦ હેઠળ કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમની જોગવાઇ મુજબ ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા માટે ' એકેડેમિક પરફોર્મન્સ ઇન્ડીકેટર બેઝ્ડ પરફોર્મન્સ બેઝ્ડ એપ્રેઝલ

સિસ્ટમ' (API Based PBAS) ની અમલ કરવા વિભાગનો તા.૨૦.૧૦.૨૦૧૫ નો સમાનાંકી ઠરાવ રદ કરવામાં આવે છે અને નીચે મુજબની સમિતિઓની રચના તેમજ જોગવાઇઓ લાગુ કરવા માટે આથી ઠરાવવામાં આવે છે.

(૧) યુજીસી રેગ્યુલેશન્સ-૨૦૧૦ ની જોગવાઇઓ મુજબ, કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ હેઠળ તબક્કાવાર બઢતી ક્લોઝ ૬.૪.૦ પ્રમાણે રહેશે જ્યારે, તે અંગેની પસંદગી પ્રક્રિયા ક્લોઝ ૫.૦.૦ અને ૬.૦.૦ મુજબની રહેશે.

(૨) દરેક કોલેજ/યુનિવર્સિટીએ ક્લોઝ ૬.૦.૧૧ માં કરેલ જોગવાઇ મુજબ 'ઇન્ટર્નલ ક્વોલીટી એસ્યોરન્સ સેલ' ઉભું કરવાનું રહેશે. જે યુજીસી/NAAC ની માર્ગદર્શિકા અનુસાર સંબંધિત વાઇસ ચાન્સેલર/આચાર્યના અધ્યક્ષપણા હેઠળ કાર્ય કરશે. ઇન્ટર્નલ ક્વોલીટી એસ્યોરન્સ સેલ ડોક્યુમેન્ટેશન તથા રેકોર્ડ કીપીંગની કામગીરી ઉપરાંત એપીઆઇ માપદંડો આધારિત પરફોર્મન્સ બેઝ્ડ એપ્રેઝલ સિસ્ટમ માટે યુજીસી દ્વારા તૈયાર કરેલ નમૂના આધારિત પરફોર્મન્સના વિકાસમાં મદદરૂપ થશે. ઉપરાંત, NAAC માર્ગદર્શિકા અનુસાર 'સ્ટુડન્ટ ફીડબેક સિસ્ટમ' તૈયાર કરશે.

3(i) યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનના તા.૩૦/૦૬/૨૦૧૦ ના રેગ્યુલેશનમાં ઠરાવ્યા અનુસાર, યુનિવર્સિટીઓનાં શૈક્ષણિક કર્મચારીઓની બઢતી માટે એપેન્ડીક્ષ- III ટેબલ II(A)/ ટેબલ III તથા બિનસરકારી અનુદાનિત કોલેજો, સરકારી કોલેજો તથા સ્વનિર્ભર કોલેજોના શૈક્ષણિક કર્મચારીઓની બઢતી માટે એપેન્ડીક્ષ-III ટેબલ II(B)/ ટેબલ III માં દર્શાવેલ પરફોર્મન્સ બેઇઝડ એપ્રેઝલ સીસ્ટમમાં એ.પી.આઇ. અંગેના માપદંડ તથા અન્ય શરતોનું પાલન કરવાથી મંજુર કરવાનું રહેશે.

3(ii) આસી. પ્રોફેસરોના લોઅર ગ્રેડમાંથી હાયર ગ્રેડમાં CAS હેઠળ બઢતી માટે, "સ્ક્રીનીંગ કમ ઇવેલ્યુએશન કમિટી" દ્વારા પસંદગી પ્રક્રિયા કરવામાં આવશે, જે એપેન્ડીક્ષ-III માં દર્શાવેલ PBAS ની જોગવાઇ મુજબ કાર્યવાહી કરશે.

"સ્ક્રીનીંગ કમ ઇવેલ્યુએશન કમિટી"નીચે મુજબના સભ્યોની રહેશે.

| સમિતિ | સમિતિના સભ્યો | |
|---|---|---|
| સ્ક્રીનીંગ કમ ઇવેલ્યુએશન કમિટી | કોલેજના આચાર્ય | ૧ |
| | કોલેજના સંબંધિત ડિપાર્ટમેન્ટના હેડ અથવા કમિશ્નરશ્રી દ્વારા નિયુક્ત | ૧ |
| | સંબંધિત યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર દ્વારા યુનિવર્સિટીની નિષ્ણાતોની પેનલમાંથી નિયુક્ત કરેલ સંબંધિત વિષયના બે વિષય નિષ્ણાત | ૨ |
| | કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણના પ્રતિનિધિ.<br>(સંયુક્ત શિક્ષણ નિયામકથી નીચેના ન હોય તેવા અધિકારી)<br>સરકારી કોલેજની બાબતમાં સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી સમિતિના અધ્યક્ષ રહેશે. | ૧ |

સમિતિના ચાર સભ્યોનું કોરમ રહેશે જેમાં એક વિષય નિષ્ણાત અને એક યુનિવર્સિટી પ્રતિનિધિની હાજરી અનિવાર્ય રહેશે.

3(iii) સ્ક્રીનીંગ કમ ઇવેલ્યુએશન કમિટી, યુજીસી રેગ્યુલેશન-૨૦૧૦ની જોગવાઇઓ મુજબ પર્ફોર્મન્સ બેઝડ એપ્રેઝલ સીસ્ટમ હેઠળ એ.પી.આઇ. ની ચકાસણી/મૂલ્યાંકન કરી, પસંદગી પ્રક્રિયા પૂર્ણ કરી, ઉમેદવારની બઢતી માટે ભલામણ કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણને કરશે.

3(iv) સ્ક્રીનીંગ કમ ઇવેલ્યુએશન કમિટી દ્વારા પસંદગી પ્રક્રિયા પૂર્ણ કરીને, ભલામણ સાથે દરખાસ્ત કમિશ્નરશ્રી ઉચ્ચ શિક્ષણને રજૂ થયેથી, કમિશ્નરશ્રી ઉચ્ચ શિક્ષણ બઢતીની દરખાસ્ત અંગે જરૂરી ચકાસણી કરી, અનુદાનિત કોલેજો માટે બઢતી અંગેના વિગતવાર આદેશ કરવાનાં રહેશે. જ્યારે સરકારી કોલેજોના અધ્યાપકો માટે જાહેર સેવા આયોગના પરામર્શ બાદ કમિશ્નરશ્રી ઉચ્ચ શિક્ષણ દ્વારા બઢતીના હુકમો કરવાના રહેશે.

૪ <u>પસંદગી સમિતિ</u>

| સમિતિ | સમિતિના સભ્યો | |
|---|---|---|
| પસંદગી સમિતિ | સંબંધિત કોલેજ(અનુદાનિત)ની ગવર્નીંગ બોડીના ચેરમેન અથવા ગવર્નીંગ બોડીના સભ્ય હોય તેવા, તેમના પ્રતિનિધિ, જેઓ પસંદગી સમિતિના અધ્યક્ષ રહેશે. સરકારી કોલેજોની બાબતમાં કમિશ્નરશ્રી ઉચ્ચ શિક્ષણ અથવા સંયુક્ત શિક્ષણ નિયામક કક્ષાથી ઉતરતી ન હોય તેવા તેમના પ્રતિનિધિ | અધ્યક્ષ |
| | સંબંધિત કોલેજના આચાર્ય | સભ્ય-૧ |
| | કોલેજના સંબંધિત વિષયના વિભાગના હેડ | સભ્ય-૧ |
| | સંલગ્ન યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર દ્વારા નિયુક્ત બે પ્રતિનિધિ પૈકી એક વિષય નિષ્ણાત હોવા જોઈએ. લઘુમતી સંસ્થાનો દરજ્જો ધરાવતી કોલેજની બાબતમાં સંબંધિત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર દ્વારા શક્ય હોય ત્યાં સુધી લઘુમતી સમુદાયના હોય તેવા કોલેજની સ્ટેચ્યુટરી બોડી દ્વારા નિષ્ણાતોની યાદીમાંથી ભલામણ કરેલ પાંચ સભ્યોની પેનલમાંથી નિયુક્ત બે પ્રતિનિધિ આ બે સભ્યો પૈકી એક વિષય નિષ્ણાત હોવા જોઈએ. | સભ્ય-૨ |
| | સંબંધિત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર દ્વારા યુનિવર્સિટીની માન્ય પેનલમાંથી ભલામણ કરેલ પાંચ નામો પૈકી કોલેજ સાથે સંકળાયેલ ન હોય તેવા, ગવર્નીંગ બોડીના ચેરપર્સન દ્વારા નિયુક્ત બે વિષય નિષ્ણાત. લઘુમતી સંસ્થાની બાબતમાં, કોલેજ દ્વારા માન્ય વિષય નિષ્ણાતોની યાદી પૈકી, શક્ય હોય ત્યાં સુધી, લઘુમતી સમુદાયના હોય તેવા વાઈસ ચાન્સેલર દ્વારા ભલામણ કરવામાં આવેલ પાંચ નામોની પેનલમાંથી, ગવર્નીંગ બોડીના ચેરપર્સન દ્વારા નિયુક્ત બે વિષય નિષ્ણાત. | સભ્ય-૨ |
| | અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ, લઘુમતિ/ સ્ત્રી/વિકલાંગ કક્ષાના | સભ્ય-૧ |

| | | |
|---|---|---|
| | શિક્ષણવિદ, જો આ કક્ષાના ઉમેદવાર હોય તથા ઉપરના પૈકી કોઇ સભ્ય આ કક્ષામાંથી ન હોય તો.<br>(કમિશ્નરશ્રી ઉચ્ચ શિક્ષણ નક્કી કરે તે મુજબ) | |
| | સરકારી/અનુદાનિત કોલેજોના કેસમાં કમિશ્નર કચેરીના સંયુક્ત શિક્ષણ નિયામકથી નીચેના ન હોય તેવા અધિકારી પ્રતિનિધિ તરીકે રહેશે. | સભ્ય-૧ |

ઉક્ત બેઠક માટે પાંચ સભ્યોનું કોરમ રહેશે. જે પૈકી ઓછામાં ઓછા બે સભ્યો ત્રણ વિષય નિષ્ણાત પૈકીના હોવા જોઇએ. ઉક્ત કાર્યવાહી થયા બાદ સરકારી કોલેજોના શૈક્ષણિક સ્ટાફના સભ્યોનો ગુજરાત જાહેર સેવા આયોગનો પરામર્શ કર્યા બાદ હુકમો કરવાની કાર્યવાહી કમિશ્નરશ્રી ઉચ્ચ શિક્ષણની કચેરીએ કરવાની રહેશે. અનુદાનિત કોલેજો માટે કમિશ્નર કચેરી દ્વારા હુકમો કરવાના રહેશે. અનુદાનિત કોલેજો માટે પસંદગી સમિતિએ ભલામણ સાથેની દરખાસ્ત કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણને રજૂ કરવાની રહેશે. કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી દરખાસ્તની જરૂરી ચકાસણી કરી, વિગતવાર હુકમો ઇસ્યુ કરશે.

૪(i) સરકારી કોલેજોના શૈક્ષણિક કર્મચારીઓની બઢતીમાં, સરકારશ્રીની વખતોવખતની જોગવાઇઓ અનુસાર કર્મચારીઓની સંતોષકારક કામગીરી અંગે ખાનગી અહેવાલનું મૂલ્યાંકન કરવાનું રહેશે. આ અંગે સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગની વખતોવખતની સ્થાયી નીતિ/જોગવાઇઓને અનુસરવાનું રહેશે.

(૫) સી.એ.એસ. હેઠળ પસંદગી/બઢતી માટે વિચારણા કરવામાં આવે ત્યારે, હયાત અધ્યાપક,યુનિવર્સિટી/ કોલેજના રોલ પર અને સક્રિય સેવામાં હોવા જોઇશે.

(૬) આ આદેશ થયેથી, તમામ યુનિવર્સિટી પોતાની સંલગ્ન ગ્રાન્ટેડ કોલેજના અધ્યાપકોની અરજીઓ એક માસમાં મેળવી બાકી કેસોનો નિકાલ કરશે અને ત્રણ માસમાં કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

આ સુધારા ઠરાવ થયેથી, સરકારી કોલેજના અધ્યાપકો એક માસમાં અરજીઓ કમિશ્નરશ્રી,ઉચ્ચ શિક્ષણને કરશે. કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ બાકી તમામ કેસોનો નિકાલ કરશે અને 3 માસમાં કામગીરી પૂર્ણ કરશે. ત્યારબાદ દર વર્ષે, સંબંધિત યુનિવર્સિટીઓ અને કમિશ્નરશ્રી ઉચ્ચ શિક્ષણની કચેરી, વર્ષમાં બે વાર જાન્યુઆરી અને જુલાઇમાં પરિપત્ર ઇસ્યુ કરી, લાયક ઉમેદવારોનાં આવેદનપત્રો મેળવી, બઢતી અંગેની કાર્યવાહી પૂર્ણ કરશે.

(૭) જે અધ્યાપક યુજીસી રેગ્યુલેશન્સ-૨૦૧૦ હેઠળ કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ અંગેની જોગવાઇ પૂર્ણ ન કરી શકે તેવા ઉમેદવાર યુજીસી રેગ્યુલેશન્સ-૨૦૧૦ ના ક્લોઝ ૬.૩.૧૧ મુજબ ઓછામાં ઓછા એક વર્ષ બાદ પુનઃ મૂલ્યાંકન માટે આવેદન કરી શકશે.

(૮) બઢતી માટેની અસરકારક તારીખ યુજીસી રેગ્યુલેશન્સ તા.૩૦.૬.૨૦૧૦ ના ક્લોઝ ૬.૩.૧૧ અને ૬.૩.૧૨ મુજબ રહેશે.

(૯) અનુદાનિત કોલેજો અને સરકારી કોલેજોના અધ્યાપકો માટે કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ હેઠળ બઢતી માટેની ઉપરોક્ત જોગવાઇઓ સંબંધે, સંબંધિત યુનિવર્સિટીઓએ પોતાનાં સ્ટેચ્યુટ/ઓર્ડીનન્સમાં જરૂરી ફેરફાર કરવાના રહેશે. અને તેની જાણ અગ્રસચિવશ્રી, ઉચ્ચ અને ટેક્નીકલ શિક્ષણ તેમજ કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણને કરવાની રહેશે.

(૧૦) યુજીસી રેગ્યુલેશન્સ-૨૦૧૦ હેઠળ કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ, બઢતી માટે એ.પી.આઇ. આધારિત પરફોર્મન્સ બેઝ્ડ એપ્રેઝલ સ્કીમનો અમલ, ક્લોઝ ૬.૩.૦ માં કરેલ જોગવાઇ અનુસાર કરવાનો રહેશે.

(૧૧) પસંદગી સમિતિ પ્રક્રિયા પ્રત્યેક યુનિવર્સિટી કક્ષાએ કેન્દ્રીય ધોરણે કરવાની રહેશે. જે અંગેનું સંકલન અને આયોજન કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ કરશે.

(૧૨) વિભાગે તા.૨૭.૪.૨૦૧૧ના ઠરાવથી કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમનો અમલ કરવાનું સ્વીકારેલ છે. જ્યારે, યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનની તા.૩૦.૬.૨૦૧૦ ના રેગ્યુલેશન્સની જોગવાઇઓ અનુસાર કાર્યવાહી થાય તે જોવાની જવાબદારી તમામ સંબંધિતોની રહેશે.

(૧૩) અમલીકરણ બાબતે/કોઇ અર્થઘટન સંદર્ભે પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે બાબતે જરૂર જણાયે યુજીસીનો પરામર્શ, જરૂરી માર્ગદર્શન મેળવીને આપવામાં આવશે.

(૧૪) આસીસ્ટન્ટ લાઇબ્રેરીયન, ફીઝીકલ ટ્રેઇનીંગ ઇન્સ્ટ્રક્ટરના કેસમાં કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમનો અમલ ઉક્ત પારા - ૪ માં જણાવ્યા અનુસારની કાર્યવાહી કર્યા બાદ, યુજીસીના તા.૩૦.૬.૨૦૧૦ ના રેગ્યુલેશન્સના ક્લોઝ ૬.૬ અને ૬.૭ માં જણાવ્યા અનુસાર કરવાનો રહેશે.

(૧૫) જે અધ્યાપકોના કિસ્સામાં કમિશ્નર કચેરી દ્વારા 'કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ' હેઠળ કેસ મંજુર કરવામાં આવેલ હોય તેવા કેસોની સંબંધિત સમિતિ દ્વારા પુનઃ સમીક્ષા કરવાની રહેશે.

(૧૬) કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ આ અંગે જરૂરી સૂચનાઓ/કાર્યપધ્ધતિ નક્કી કરી સમગ્ર સ્કીમનો અમલ કરશે અને તે માટે અધિકૃત રહેશે.

(૧૭) યુ.જી.સી.ના તા.૭.૮.૨૦૧૫ ના પત્ર ક્ર – D.O.F.No. 3-2/2009(PS) માંની વિગતો ધ્યાને લઇ, જે અધ્યાપકો તા.૧.૧.૨૦૦૬ થી તા.૩૦.૬.૨૦૧૦ દરમ્યાન સિલેક્શન ગ્રેડ/ રીડરના પગારધોરણમાં આવતા હોય તેવા અધ્યાપકોના કિસ્સામાં ત્રણ વર્ષ પૂર્ણ થયેથી, PB – 4, AGP – 9000, એ.પી.આઇ. સિવાય આપવાનું નક્કી કરવામાં આવેલ છે જેનો અમલ કરવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર માન. મંત્રીશ્રી(શિક્ષણ)ની તા.૨૮.૩.૨૦૧૬ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(ડી.એસ.શર્મા)
સેક્શન અધિકારી,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- નામ. રાજ્યપાલના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી(ઉ.શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી(ઉ.શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી(ઉચ્ચ શિક્ષણ), ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગુ.રા.,ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર
- નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, સર્વે યુનિવર્સિટી, ગુજરાત રાજ્ય
- સર્વે આચાર્યશ્રી, સરકારી તથા બિનસરકારી અનિદાનિત કોલેજો (ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી મારફતે)
- સંબંધિત પેટા/જિલ્લા તિજોરી અધિકારીશ્રી, (ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી મારફતે)
- નાણા શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ.